# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26/01/2026** **Morning : 7.10 to 7.20AM**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. દેશભરમાં આજે દેશભક્તિના માહોલમાં 77મા પ્રજાસત્તાક દિવસ ઉજવણી- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર પરેડની સલામી ઝીલશે
2. નવરચિત વાવ-થરાદ જિલ્લામાં રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી
3. પાયાની સુવિધાઓ માટે નગરપાલિકાઓને વિનામૂલ્યે જમીન ફાળવવાનો રાજ્ય સરકારનો નિર્ણય
4. વર્ષ 2026 માટે 131 પદ્મ પુરસ્કારોની જાહેરાત- ગુજરાતનાં પાંચ નાગરિકોને પદ્મશ્રી સન્માન
5. ગાંધીનગર ખાતે 16મા રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી
6. ક્રિકેટમાં, ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી ટી-20 મેચમાં ભારતનો આઠ વિકેટથી વિજય

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

## REPUBLIC DAY PARADE

ભારત આજે તેનો 77મો પ્રજાસત્તાક દિવસ ઉજવી રહ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પરથી આ દિવસની ઉજવણીમાં દેશનું નેતૃત્વ કરશે. પ્રજાસત્તાક દિવસની પરેડ સવારે 10:30 વાગ્યે શરૂ થશે. સાંભળીએ એક અહેવાલ..

**(વોઇસ કાસ્ટ : AKSHIT-VAIDYAN)**

................................

## VAV THARAD REPUBLICE DAY

77મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી આજે નવરચિત વાવ-થરાદ જિલ્લામાં થશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મલુપુર ખાતે આજે સવારે 9 કલાકે રાષ્ટ્રધ્વજ લહેરાવીને ધ્વજવંદન કરાવશે તેમજ પરેડ માર્ચ પાસ્ટની સલામી ઝીલશે. રાજ્યકક્ષાની ઉજવણી અવસરે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પોલીસ દળ દ્વારા વિવિધ નિદર્શનો પણ પ્રસ્તુત કરાશે.

આ રાષ્ટ્રીય પર્વની રાજ્યના વિવિધ જિલ્લાઓના તાલુકા મથકોએ જે ઉજવણી થશે તેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અમદાવાદમાં મકરબા ખાતે ધ્વજવંદન કરાવશે. આ ઉપરાંત રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ જે તે જિલ્લાઓના તાલુકા મથકોએ પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહીને ધ્વજવંદન કરાવશે. નાણાંમંત્રી કનુ દેસાઈ, નવસારીના ચિખલીમાં, કૃષિ મંત્રી જીતુ વાઘાણી રાજકોટના જેતપુરમાં, ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલ ગાંધીનગરના માણસામાં, શ્રમ-

રોજગાર મંત્રી કુંવરજી બાવળીયા પોરબંદરના રાણાવાવમાં, આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલ વલસાડના ઉમરગામમાં, વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા દાહોદના ગોવિંદગુરૂ-લિંબડીમાં, શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા સાબરકાંઠાના હિંમતનગરમાં ધ્વજવંદન કરાવશે.

................................

## AT HOME

77મા પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ વાવ-થરાદના મલુપુર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં એટ હોમ કાર્યક્રમ યોજાયો. આ અવસરે પોલીસ દળે રાજ્યપાલને ગાર્ડ ઓફ ઓનર આપ્યું. આ પ્રસંગે પોલીસ બેન્ડ દ્વારા રાષ્ટ્રગાનની ધૂનની પ્રસ્તુતી કરવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી દેવવ્રતે જણાવ્યું કે, રાજ્યમાં સેમીકન્ડક્ટર, ઓટોમોબાઇલ હબ સહિત ઔદ્યોગિક ક્ષેત્રે ક્રાંતિ આવી છે. આજે ગુજરાત દેશના અન્ય રાજ્યો માટે રોલ મોડેલ બનીને ઉભર્યું છે. એટ હોમ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, મંત્રી સ્વરૂપજી ઠાકોર અને પ્રવીણ માળી પણ ઉપસ્થિત રહ્યાં હતા.

................................

## VAV THARAD CULTURAL PROGRAMME

પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ થરાદ ખાતે “સરહદનો સાદ- નુતન વાવ-થરાદ” મલ્ટીમીડિયા સાંસ્કૃતિક કાર્યકમ યોજાયો. જેમાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ

પ્રદર્શન અને નોંધપાત્ર યોગદાન આપનાર જિલ્લાની 16 વિશિષ્ટ વ્યક્તિઓનું રાજ્યપાલ અને મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરાયું. આ પ્રસંગે વાવ-થરાદ જિલ્લાને 207 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ અપાઈ. જ્યારે જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીને મુખ્યમંત્રીના હસ્તે વિકાસ કાર્યો માટે અઢી કરોડના ચેક અર્પણ કરાયા.

................................

## CM NAGARPALIKA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની નગરપાલિકાઓને 11 પ્રકારની વિવિધ પાયાની સુવિધાઓ માટે વિનામૂલ્યે સરકારી જમીન ફાળવવાનો મહત્વનો નિર્ણય લીધો છે. જેનાથી વિકાસ કામો માટે અગાઉ સરકારી જમીન મેળવવા બજાર કિંમત અથવા જંત્રી દરના 25થી 50 ટકા સુધીની ભરવી પડતી રકમમાંથી મુક્તિ મળશે. રાજ્યની 152 નગરપાલિકાઓ પરનું આર્થિક ભારણ ઘટતાં નાગરિક સેવાલક્ષી વિકાસ પ્રોજેક્ટ્સમાં વેગ આવશે. આ ઉપરાંત નાગરિકોને પાણી, ગટર, શિક્ષણ તથા આરોગ્ય જેવી પ્રાથમિક સુવિધાઓ ત્વરાએ મળતી થશે.

................................

## PADMA AWARDS

કેન્દ્ર સરકારે વર્ષ 2026 માટે 131 પદ્મ પુરસ્કારોની જાહેરાત કરી છે. આ પુરસ્કારોમાં પાંચ પદ્મ વિભૂષણ, 13 પદ્મ ભૂષણ અને 113 પદ્મશ્રીનો સમાવેશ થાય છે. પુરસ્કાર મેળવનારાઓમાં 19 મહિલાઓ છે અને 16 સન્માન મરણોત્તર આપવામાં આવ્યા છે. સ્વર્ગસ્થ બોલિવૂડ અભિનેતા ધર્મેન્દ્ર સિંહ દેઓલને કલા ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ મરણોત્તર પદ્મ વિભૂષણ, જાહેર બાબતોમાં કેરળના કે.ટી. થોમસ, કલામાં ઉત્તર પ્રદેશના એન. રાજમ અને સાહિત્યમાં કેરળના પી. નારાયણન અને કેરળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વી.એસ. અચ્યુતાનંદનને પણ બીજા ક્રમના સર્વોચ્ચ નાગરિક સન્માનની જાહેરાત કરવામાં આવી.

ગુજરાતનાં પાંચ નાગરિકોને પદ્મશ્રી પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ધાર્મિક ચુનીલાલ પંડ્યા, હાજીભાઈ કાસમભાઈ મીર, અરવિંદ વૈદ્યને કળા ક્ષેત્રમાં અને નિલેશ માંડલેવાલાને સામાજિક કાર્ય ક્ષેત્રમાં તેમજ રતિલાલ બોરીસાગરને સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે પદ્મશ્રી એનાયત કરાશે. પદ્મશ્રીની જાહેરાત બાદ ધાર્મિકલાલ પંડ્યાએ પ્રતિક્રિયા આપી.

(BYTE- DHARMIKLAL PANDYA, PADMASHRI AWARDEE)

..................................

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી**

**વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

..................................

## GOVERNOR VOTER'S DAY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે 16મા રાષ્ટ્રીય મતદાતા દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી. "My india, My vote"થીમ સાથે યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન શ્રી દેવવ્રતે યુવાઓને લોકશાહીની ભાવનાને ઉજાગર કરવા ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થવા અનુરોધ કર્યો. તેમણે જણાવ્યું, વિશ્વના અનેક દેશોના લોકો ભારતની ચૂંટણી પ્રક્રિયાનો અભ્યાસ કરવા ભારત આવે છે.

**(BYTE- ACHARYA DEVVRAT-GOVERNOR)**

કાર્યક્રમ દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ, સહાયક મતદાર નોંધણી અધિકારીઓ, બુથ સ્તરના અધિકારી સહિત શ્રેષ્ઠ કામગીરી કરનાર 345 લોકોને પુરસ્કાર એનાયત કરાયા. આ ઉજવણી દરમિયાન ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનો સંદેશ પણ પ્રસારિત કરાયો હતો.

..............................

## MATDATA DIVAS UJAVANI

સમગ્ર દેશ સહીત રાજ્યભરમાં 'મતદાતા દિવસ'ની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યકમો યોજાયા.

જે અંતર્ગત અમદાવાદમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુજીત કુમારના અધ્યક્ષસ્થાને 16મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી. ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ બિલ્ડિંગ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં બોલતા કલેકટરે જણાવ્યું કે, મતાધિકાર માત્ર હક્ક નથી, પરંતુ દેશના ભવિષ્યને આકાર આપવાની પવિત્ર ફરજ છે. આ પ્રસંગે મતદાર યાદી સુધારણા અભિયાનમાં પ્રશંસનીય કામગીરી કરનાર અધિકારીઓ અને કર્મચારીઓને સન્માનિત પણ કરાયા હતા.

ડાંગ જિલ્લામાં પણ 'મતદાતા દિવસ'ની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.

આ અંગે જિલ્લા નાયબ ચૂંટણી અધિકારીએ આ મુજબ જણાવ્યું.

**(બાઇટ - MK khant, જિલ્લા નાયબ ચૂંટણી અધિકારી)**

..................................

## CRICKET- T20

ક્રિકેટમાં, ભારતે ગઈકાલે રાત્રે ગુવાહાટીના બારસાપારા સ્થિત એસીએ સ્ટેડિયમ ખાતે પાંચ મેચની શ્રેણીની ત્રીજી ટી-20 મેચમાં ન્યુઝીલેન્ડ સામે આઠ વિકેટથી શાનદાર વિજય મેળવ્યો. સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ટીમે હવે શ્રેણીમાં 3-0થી અજેય સરસાઈ મેળવી લીધી છે.

154 રનના લક્ષ્યને ભારતીય ટીમે માત્ર 10 ઓવરમાં બે વિકેટ ગુમાવીને હાંસલ કર્યો. અભિષેક શર્માએ 20 બોલમાં 68 રન બનાવ્યા, જ્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવે 26 બોલમાં 57 રન બનાવ્યા. અભિષેક શર્માએ 14 બોલમાં આ સિદ્ધિ હાંસલ કરીને ભારતીય ટીમમાં બીજી સૌથી ઝડપી T-20 આંતરરાષ્ટ્રીય અડધી સદી ફટકારવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો. જસપ્રીત બુમરાહને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો.

..................................